# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩ તા.૦૮-૦૮-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : NSP પોર્ટલની કામગીરી કરવા અંગે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, NSP પોર્ટલ પર NMMS પરીક્ષામાં મેરિટમાં આવેલી વિદ્યાર્થીઓની વિગતો અપલોડ કરવાની થતી હોઇ NMMS ની સદર કામગીરીના નોડલ શ્રી ડૉ. દિલીપકુમાર સાહુ મો.નં.૯૪૨૬૭૦૩૩૬૬ના સંપર્કમાં રહીને કામગીરી કરવાની રહેશે.

સી.આર.સી.કો.ઓ.શ્રીએ જે-તે શાળાના મુ.શિ.શ્રી પાસેથી વિદ્યાર્થીઓના આધાર પુરાવા મેળવીને NSP પોર્ટલ પર વિગતો અપલોડ કરવાની કામગીરી કરવી. આ બાબત બાળકોની શિષ્યવૃત્તિ સાથે સંકળાયેલી હોઇ સી.આર.સી.કો.ઓ. તથા મુ.શિ.શ્રીએ ગંભીરતાપૂર્વક સમયમર્યાદામાં કામગીરી કરવી. જો તેમાં ચૂક થશે તો જે તેની જવાબદારી નક્કી કરવામાં આવશે.

નવીન ધો.૮ પાસ અને ધો.૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નામ/અટકમાં તફાવત(મીસમેચ) હોય તો તે અંગે આ સાથે સામેલ પત્ર મુજબ કામગીરી કરવી.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૮-૦૮-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ<br>શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/NMMS/2022/ 5434-5516

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા -22/07/2022

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ
નોડલ ઑફીસરશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર NMMS ના લાભાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરવા બાબત.

સંદર્ભ:- ઉપ સચિવશ્રી, DBT ભારત સરકારના તા.૧૫/૦૭/૨૦૨૨ ના પત્ર અન્વયે.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" વેબપોર્ટલ તા.૨૦/૦૭/૨૦૨૨ થી શરૂ થયેલ છે. રાજ્યના NMMS યોજના વર્ષ-2022-23ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" પર કરવાની થાય છે. જેની ટાઇમલાઇન નીચે મુજબ છે.

- શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન http://www .scholarships.gov.inપર એપ્લીકેશન સબમીટ કરવાની અંતિમ તારીખ : -15/09/2022
- વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન ઓનલાઇન સ્કૂલ વેરીફીકેશનની કરવાની અંતિમ તારીખ :- 01/10/2022
- જિલ્લા નોડલ ઑફીસરે વિદ્યાર્થીની જિલ્લા વેરીફીકેશન ઓનલાઇન જિલ્લા વેરીફીકેશનની કરવાની **અંતિમ તારીખ :- 15/10/2022**

ઉપરોકત ટાઇમલાઇન મુજબની NSP પોર્ટલની કામગીરીની જાણ સંબંધિત શાળાઓને કરવા તેમજ આ કાર્યવાહી તુરંત શરૂ કરાવવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી

બિડાણ:ભારત સરકારના સંદર્ભદર્શિત પત્ર

MG
સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ :

- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ બ્લોક નં-૫/૭મો માળ સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં-૯ પહેલો માળ, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૨, ડો.જી.મ.ભવન, ગાંધીનગર.

F. No. 17-1/2022-SS (Part I)
Government of India
Ministry of Education
Department of School Education and Literacy
(Secondary Scholarship Division)
****

Shastri Bhawan, New Delhi,
Dated 22nd July, 2022

To
Education /Principal Secretaries/ Secretaries of States/ UTs
(as per list attached)
(In-charge of Secondary Education)

Subject: Opening of National Scholarship Portal for AY 2022-23- regarding

Sir/Madam,

This has reference to on-line submission/registration of applications on National Scholarship Portal (NSP) for scholarships of project year 2022-23 i.e. fresh as well as renewal cases, in respect of the National Means-cum-Merit Scholarship Scheme (NMMSS) of the Ministry of Education, Department of School Education and Literacy.

2. The students from all States/UTs who qualified in the NMMSS selection exam have to register themselves as fresh applicants for class-IX of project year 2022-23 and scholarship holders who passed Classes IX, X, XI in the academic year 2021-22, have to register themselves as renewal applicants for class X, XI and XII for the project year 2022-23.

3. The Schedule/Timelines on National Scholarship Portal (NSP) for the AY 2022-23 are as follows:

| SCHEME ACTIVITIES | DATE |
|---|---|
| **Opening of Portal** | 20th July, 2022 |
| **Last date for application submission** | 30th September, 2022 |
| **Last date for First level (INO verification)** | 16th October, 2022 |
| **Last date for Second level (DNO) verification** | 31st October, 2022 |

4. In order to facilitate timely verification, the INOs and DNOs may be instructed to carry out verification of all applications received at an interval of at least every fortnight and this may be monitored closely by the SNO.

5. It may be ensured that wide publicity may be given to the schools concerned where the new and existing scholarship holders are studying, so that all beneficiaries of NMMSS register as fresh/renewal applicants, as per eligibility, on National Scholarship Portal (NSP). It is requested that necessary instructions may be issued to the concerned officials i.e INO/ DNO/ SNO to strictly follow the prescribed timelines.

Yours faithfully,

Sreekala 22/7/22

(Sreekala P. Venugopal)
Deputy Secretary to the Government of India
Tele. No.: 011-23074159
(Email: sp.venugopal@nic.in)

Copy for information and necessary action to: State Nodal Officers (NMMSS), All States/UTs

ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૨/ 6309-75
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકરટર -૨૧, ગાંધીનગર
તા.05/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

**વિષય:** NSP (National Scholarship Portal) પર NMMS ના લાભાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરવા બાબત.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" વેબપોર્ટલ તા.૨૦/૦૭/૨૦૨૨ થી શરૂ થયેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2022-23ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ"(NSP) પર કરવાની થાય છે.

આપના જિલ્લા હસ્તકના પાત્રતા ધરાવતા ધો.૯ માં ચાલુ વર્ષે અભ્યાસ કરતા લાભાર્થી વિદ્યાર્થીઓની "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" ઉપર ફ્રેશ રજીસ્ટ્રેશન કરતી વખતે વિદ્યાર્થીના માત્ર નામ/અટકમાં સ્પેલિંગમાં ભૂલ હોવાના કારણોસર મીસમેચ થતું હોય તો નીચેના કોષ્ટક મુજબની વિગતો જરૂરી તમામ આધાર-પુરાવા સહ અત્રે મોકલી આપશો.

| ક્રમ | વિદ્યાર્થીનો રોલ નંબર | NMMS માર્કશીટ મુજબ નામ | આધારકાર્ડમુજબ નામ | બેંક પાસબુક મુજબ નામ | સુધારા મુજબનું નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

વિદ્યાર્થીના નામ/અટકમાં સુધારો કરવા અંગે વિદ્યાર્થીની નિયત નમૂનામાં અરજી(નિયત નમૂનો સામેલ છે) સાથે માર્કશીટની નકલ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ મેળવી સંબંધિત શાળા કક્ષાએથી વિગતો મોકલી આપવાની રહેશે. વિદ્યાર્થીની જાતિ તથા પિતાના નામમાં સુધારો થઇ શકશે નહી. આ વિગતો ફક્ત માહિતી મેળવવાના હેતુથી માંગવામાં આવેલ છે. સદર બાબતની તમામ અરજી સંબંધિત જિલ્લા નોડલ અધિકારીશ્રીએ એકત્રિત કરી પૂરતી ચકાસણી કરી રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરીના ઇ-મેઇલ આઇ.ડી.**gseb21@gmail.com** પર તા.૧૮/૦૮/૨૦૨૨ સુધીમાં બિનચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી સબંધિત મંત્રાલય સાથે આ બાબતે સુધારા માટે પ્રયાસ થઇ શકે.

બિડાણ:ઉપર મુજબ

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

# વિદ્યાર્થીની અરજીનો નિયત નમૂનો

વિદ્યાર્થીનું નામઃ

શાળાનું નામઃ

ધોરણઃ

તાલુકોઃ

જિલ્લોઃ

તારીખઃ

પ્રતિ,
આચાર્યશ્રી,
શાળાનું નામ

**વિષયઃનામ/અટક(સ્પેલિંગ)માં સુધારો કરી આપવા બાબત**

**શ્રીમાન,**

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, હું વિદ્યાર્થીનું નામ.................................................................................................... ધોરણ-૯ માં અભ્યાસ કરુ છું. મેં વર્ષઃ૨૦૨૧ ની NMMS પરીક્ષા આપેલ છે અને મારો મેરીટમાં સમાવેશ થયેલ છે. મારો રોલ નં.........................................છે. NMMS પરીક્ષાનું ફોર્મ ભરતી વખતે મારાથી શરતચૂકથી મારા નામ/અટકમાં...................................................................................................... સ્પેલિંગ મીસ્ટેક થયેલ છે. ખરેખર મારુ સાચુ નામ/અટક..........................................................................................................છે. જે અંગે મારા આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ રજૂ કરું છો. જે ધ્યાને લઇ મારા નામ/અટકમાં સુધારો કરી (અટક............................................................................................................ નામ................................................................પિતાનું નામ.............................................................) આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

વિદ્યાર્થીનું નામ/સહી

# નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ
# કામગીરી વર્ષ 2022-23

- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ કામગીરી વર્ષ 2022-23 માં આપ સૌને આવકારીએ છીએ. નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ માટે ઓનલાઇન FRESH અને RENEWAL કામગીરીમાં સરળતા રહે અને સહાયતા મળે એ હેતુસર કેટલીક અત્યંત જરૂરી અને સંવેદનશીલ બાબતો નીચે મુજબ છે.

# <u>ફ્રેશ રજિસ્ટ્રેશનની અને એપ્લિકેશન ફોર્મ ભરવાની કેટલીક સૂચનાઓ નીચે પ્રમાણે છે.</u>

- ફ્રેશ રજીસ્ટ્રેશન માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આપને આપવામાં આવેલ પરીણામ મુજબ ફાઈલ નો જ ઉપયોગ કરવો. બાળકનું નામ, જન્મતારીખ ,જાતિ ,રોલનંબર,બાળકના પિતા નું નામ વગેરે વિગતો આ ફાઇલ માંથી જ લખવાની રહેશે. જેથી સ્કીમ ન આવવાના પ્રશ્નો ઉદ્ભવી ન શકે.
- બાળકનું રજીસ્ટ્રેશન કરતા પહેલા બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે માધ્યમિક શાળાના પ્રોફાઇલ અને કોર્સ અપડેટ કરવા ત્યાર બાદ જ બાળક નું રજીસ્ટ્રેશન અને એપ્લિકેશન ફોર્મ ભરવું.કારણ કે ચાલુ વર્ષથી બાળકના એપ્લીકેશન ફોર્મમાં કોઈ પણ જાતની ફી ની વિગતો લખવાની રહેતી નથી જે તે માધ્યમિક શાળામાં દર્શાવેલી ફી ની વિગતો ઓટોમેટીક બાળકના એપ્લિકેશન સાથે લિંક થઇ જશે એટલા માટે જ સૌ પ્રથમ માધ્યમિક શાળાના પ્રોફાઇલ અને કોર્સ અપડેટ કરવા.
- બાળકનું એપ્લિકેશન રજિસ્ટ્રેશન વખતે પરીણામ મુજબ દર્શાવેલ નામનો જ ઉપયોગ કરવો પરંતુ એક્સેલ ફાઇલ અને આધારકાર્ડ માં બાળકનું નામ મેચ ન થતું હોય ત્યારે બાળક નું રજીસ્ટ્રેશન બેંક પાસબુક ના આધારે કરવાનું રહે છે. અહીં ખાસ નોંધ એ લેવાની છે કે તમામ બાળક નું રજીસ્ટ્રેશન આધાર કાર્ડ મુજબ નહીં પરંતુ પરીણામ મુજબ જ કરવાનું રહે છે.

- કોઈ પણ બાળકના રજીસ્ટ્રેશન કરતા પહેલા બાળકના બેન્ક એકાઉન્ટની ખરાઇ ચોક્કસપણે કરી લેવી જેમ કે બાળક નું ખાતું ફ્રિજ કે ડોરમેન્ટ ન થયું હોય તથા બાળકનું ખાતુ આધારકાર્ડ સાથે લીંક હોય વગેરે બાબતોની ખરાઇ કરવી. આ બાબતે બાળકને કે તેના વાલીને જાણ કરીને સૂચિત કરવું.
- દરેક બાળકના એપ્લિકેશન આઇડીમાં બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે માધ્યમિક શાળાનું કે બાળકનું ઇ-મેલ આઇડી ફરજિયાત દાખલ કરવું.
- બાળકના એપ્લિકેશન કરતી વખતે પરમેનેન્ટ હોય એવા જ મોબાઈલ નંબર નો ઉપયોગ કરવો શક્ય હોય તો માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યશ્રી ના મોબાઈલ નંબર નો ઉપયોગ કરવો.
- મોબાઈલ નંબર બાબતે ખાસ જણાવવાનું કે ફ્રેશ રજિસ્ટ્રેશનમાં એક જ વાર મોબાઇલ અપડેટ કરવા મળે છે ત્યાર પછી ભવિષ્યમાં ક્યારેય પણ મોબાઈલ નંબર એડ કરવા મળતો નથી આથી ખાસ પરમેનેન્ટ અને ઓછામાં ઓછા ચાર- પાંચ વર્ષ ચાલુ રહે એવા જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરવો .
- એપ્લિકેશન ફોર્મમાં શાળા સિલેક્ટ કરતી વખતે જે તે શાળા ના ડાયસકોડ ની ખાસ ચકાસણી કરીને જ શાળા સિલેક્ટ કરવી.કારણ કે જ્યાં જિલ્લા વિભાજન થયેલ છે અને નવા તાલુકા વિભાજન થયેલ છે ત્યાં માધ્યમિક શાળાઓ એક કરતાં વધારે ડાયસકોડ થી ડિસ્પ્લે શક્ય બને છે. જૂના અને નવા ડાયસ કોડ.

- જે બાળક નું રજીસ્ટ્રેશન બેંક પાસબુક ના આધારે કરવામાં આવે તે બાળકનું બોનાફાઇડ સર્ટી એપ્લીકેશન ફોર્મ ની છેલ્લી થી પ્રિન્ટ કરવાનું રહેશે જરૂરી કાર્યવાહી કરી સ્કેન કરી પાછું અપલોડ કરવાનું રહેશે આ પ્રક્રિયા બાદ જ બાળકની એપ્લીકેશન SUMBIT કરવાની રહેશે.
- રજીસ્ટ્રેશન સમયે કોઈપણ જાતની ઉતાવળ ન કરવી વિગતો ભરવામાં કોઈ ખોટી સ્પેસ ન પડી જાય એ ખાસ ધ્યાને લેવું.
- બેંક ડીટેલ ની વિગતો દાખલ કરવામાં ચોકસાઇ જાળવવી દરેક બેન્ક નો આઈએફસી કોડ નો પાંચમો અક્ષર હંમેશા 0 શૂન્ય જ હોય છે.
- રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ઘણી બધી બેંકો મર્જ કરવામાં આવેલ છે જેથી બાળકોના બેન્ક એકાઉન્ટ વિગતો આજની તારીખની બેંક પાસબુકમાં નવેસરથી પ્રિન્ટ કરાવી જેથી કરીને બેંક અપડેશન ના પ્રશ્નો સોલ કરી શકાય.

## નમસ્તે મિત્રો રજીસ્ટ્રેશન બાબતે કેટલીક સૂચનાઓ જોઈ હવે આપણે RENEWAL કામગીરી માટેની કેટલીક સૂચનાઓ જોઈએ

- કોઈ પણ બાળકની renewal એપ્લિકેશન કરતા પહેલા સૌ પ્રથમ બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે શાળાના પ્રોફાઈલ અને કોર્ષ અપડેટ કરવા.
- કોઈપણ સંજોગોમાં renewal એપ્લીકેશન withdraw કરવાની નથી. જો renewal એપ્લિકેશન WITHDRAW કરશો તો ત્યાર પછી બાળકની એપ્લિકેશન કરવી શક્ય નથી. જો કોઈ renewal બાળકની એપ્લિકેશન WITHDRAW કરવામાં આવશે તો તરત જ nsp પોર્ટલ પરથી બાળકનો ડેટા દૂર થશે જેથી ફરી ક્યારેય બાળકની એપ્લિકેશન કરવી શક્ય બનશે નહીં
- Renewal એપ્લિકેશનમાં શાળા પસંદ કરવી હાલના શાળાના ડાયસ કોડની ચકાસણી ખાસ કરવી.શાળા પસંદ કર્યા બાદ logout થવું અને ત્યારબાદ ફરીથી લોગીન થવું જો એપ્લીકેશન ફોર્મ શાળા દેખાય તો જ આગળ ફોર્મ ભરવું જો આ પ્રક્રિયા નહીં કરો તો બાળક ની એપ્લિકેશન થશે પરંતુ જે-તે માધ્યમિક શાળાના આઇડીમાં જશે નહીં અને પછી ઘણા બધા પ્રશ્નો ઉદ્ભવી શકે છે. નવા જિલ્લા બનેલ છે અને નવા તાલુકા બનેલ છે. તે જિલ્લા આ બાબત અંગે ખાસ તકેદારી રાખે.

- Renewal એપ્લિકેશનમાં જો કોઈ બાળકોના મોબાઈલ નંબર બંધ થઈ ગયા હોય તો ચકાસણી કરીને પરમેનન્ટ નંબર અપડેટ કરવા.ઓનલાઇન રજીસ્ટ્રેશન કામગીરી શરૂ હોય ત્યારે બાળકોના એપ્લિકેશન માં મોબાઈલ નંબર સરળતાથી અપડેટ કરી શકાય છે.
- Rnewal એપ્લિકેશનમાં પણ બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે માધ્યમિક શાળાનું ઇ-મેલ આઇડી ફરજિયાત પણે દાખલ કરવું.
- Renewal આઈડી માં ઉપર જણાવેલ શાળા પસંદ ની પ્રોસેસ નહીં કરો તો બાળક ની એપ્લિકેશન જે તે માધ્યમિક શાળાના જૂના આઇડીમાં જશે અને જે હાલ આઈડી NSP PORTEL પર ડિએક્ટિવેટ થયેલ છે જેથી કરીને કે જૂના આઇડી માંથી એપ્લિકેશન પરત કરવી એ ખૂબ જ મુશ્કેલ બની શકે છે .માટે શાળા પસંદ કરવાની Renewal ની પ્રક્રિયામાં ખાસ તકેદારી રાખવી logout ની જે પ્રક્રિયા દર્શાવી છે લોગ આઉટ કર્યા બાદ જો શાળા દેખાય તો જ આગળ બાળક ની એપ્લીકેશન ફોર્મ ભરવું અન્યથા શાળા સિલેક્ટ કરવી અને ત્યારબાદ logout થવું અને ત્યારબાદ પાછું લોગીન થાવું અને ચેક કરવું. જો શાળા દેખાય તો જ આગળ બાળકનું એપ્લીકેશન ફોર્મ ભરીને SUMBIT કરવાનું છે.

આભાર...